જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૯/૧૭**

### એસ.પી.રીગરોડ ના સર્વિસ રોડ ઉપર થયેલ લુટ તથા ખુનના બનાવના સંદર્ભે

તા.૨૬.૧.૧૭ ના રોજ નિકોલ એસ.પી.રીગરોડ વિન્ટઝિવિલા રેસ્ટોરન્ટની સામે આવેલ વાછાણી પાર્ટી પ્લોટથી ઉદય ઓટોલીક તરફ જતા રોડ ઉપર રાતના આશરે સવા આઠેક વાગ્યાના સુમારે સર્વિસ રોડ ઉપર એમબીએ મા અભ્યાસ કરતા વિરલ ધર્મેન્દ્રભાઇ ક્ષત્રીય તથા શાલીની અરુણકુમાર રાજપુત ના ઓ મો.સા.લઇ ઉભા હતા તે વખતે અજાણ્યા ત્રણ મોટર સાયકલ ચાલકોએ આવી " મોડી રાત્રે કેમ આ જગ્યાએ ફરો છો અહી શુ કરો છો ? તેમ કહી મરનાર વિરલ સાથે બોલાચાલી ઝઘડો કરી એક વ્યકતીએ વિરલને ચપ્પાનો ઘા મારી મોત નિપજાવી ભાગી ગયેલ હતા. જે ગુનાના આરોપીઓને તાત્કાલીક પકડી ગુનો શોધી કાઢવા સારુ અધિક પોલીસ કમિશ્નર શ્રી ડી.બી.વાઘેલા સેકટર - ૨ સાહેબ ના ઓ એ નિકોલ પો.સ્ટે.તથા ઓઢવ પો.સ્ટે.તથા રામોલ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તથા સર્વેલન્સ સ્કોડના માણસોની મીટીંગ લઇ બ્રિફીંગ કરેલ અને ગુનો શોધી લાવનારને રુ.૫૦૦૦/-નુ ઇનામ આપવાનુ જાહેર કરેલ તેમજ ઇન્ચાર્જ ના.પો.કમિ.શ્રી પરીક્ષીતા રાઠોડ - ઝોન- ૫ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી આઇ ડીવીઝન ના ઓ એ પણ આ ગુનો શોધી કાઢવા પુરતા પ્રયત્નો કરવા સુચના કરેલ જે આધારે આજરોજ તા.૨૯.૧.૧૭ ના રોજ અમો તથા સર્વેલન્સ સ્કોડના માણસો આ ગુનાના આરોપીઓની તપાસમા હતા દરમ્યાન હેડ કોન્સ.તેજપાલસિંહ પુરણસિંહ બનં..૭૭૨૮ તથા હેદ કોન્સ.બળવંતભાઇ લઘરભાઇ બનં ૯૧૦૨ તથા એલ આર.મુકેશકુમાર કાનાભાઇ બનં.૨૧૧૧ ના ઓ એ બાતમી હકીકત આપેલ કે એક આ ગુનામા સંડોવાયેલ ત્રણ ઇસમો પૈકી એક ઇસમ કે જેણે કાળા કલરનુ જેકેટ તથા જીન્સનુ પેન્ટ પહેરેલ છે. તે કઠવાડા ગામથી રીગરોડ તરફ આવતા રોડ ઉપર થઇ તેના મો.સા.નં.જીજે - ૧ - એસઆર- ૪૨૪૧ નુ ઇશ્વરદાસની વાડી પાસેથી પસાર થનાર હોવાની હકીકત આપતા સ્ટાફના માણસો સાથે ઇશ્વરદાસની વાડી પાસે વોંચમા ગોઠવાયેલ દરમ્યાન આ હકીકત વર્ણનવાળો ઇસમ પસાર થતા તેને પકડી લીધેલ છે. અને તેની પુછપરછ કરતા તેણે પોતે તથા પોતાના બે મિત્રો મનીષ ભદોરીયા તથા રવિ ધાકરે ના ઓ એ ભેગા મળી આ ગુનો કરેલાની કબુલાત કરેલ છે. જેથી આ બંન્ને ઇસમોની અમો તપાસ કરતા હતા દરમ્યાન આ બંને ઇસમોને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના અધિકારી અને માણસોએ તેઓને પકડી લીધેલ હોવાની હકીકત મળતા આ બંન્નેનો ક્રાઇમ બ્રાન્ચમાથી કબ્જો મેળવી અત્રે નિકોલ પોલીસ સ્ટેશન લાવી આ ગુનામા પકડી અટક કરવામા આવેલ છે

**પકડાયેલ આરોપીઓના નામ** ::-

(૧)કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર - ૦૧ તથા

(૨)રવિ નાથુસિંહ ધાકરે ઉવ.૨૦ રહે.૯ , રાધાસ્વામી બંગ્લોઝ નરોડા રેલ્વે ક્રોસીંગ પાસે નરોડા અમદાવાદ તથા કુભાજીની ચાલી ઓમ પ્રકાશની લાઇન મેઘાણીનગર

(3) મનીષ ઉદલસીંગ ભદોરીયા ઉવ.૨૦ રહે.કુભાજીની ચાલી મહીપતસીંગની લાઇનમા રામેશ્વર રોડ મેઘાણીનગર અમદાવાદ ના ઓ ને પકડી અટક કરવામા આવેલ છે

આ ગુનામા વાપરેલ ચાકુ તથા ગુનો કરી ભાગી જવામા ઉપયોગમા લીધેલ મો.સા.તપાસ અર્થે કબ્જે કરેલ છે

### લુટ - ૧

ઉપરોક્ત પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતા ગઇ તા.૨૦.૧.૧૭ ના રોજ એસપીરીંગરોડ ના સર્વિસ રોડ ઉપર બે વ્યકતીને ચાકુ બતાવી મોબાઇલ- ૨ તથા રુ.3000/- ની લુટી લીધેલાનો બનાવ બનેલ જે ગુનો કરવામા આ ખુનાના ગુનામા પકડાયેલ.........

(૧) કાયદાના સંઘર્ષમા આવેલ કિશોર - ૦૧ તથા

(૨)રવિ નાથુસિંહ ધાકરે ઉવ.૨૦ રહે.૯ , રાધાસ્વામી બંગ્લોઝ નરોડા રેલ્વે ક્રોસીંગ પાસે નરોડા અમદાવાદ તથા કુભાજીની ચાલી ઓમ પ્રકાશની લાઇન મેઘાણીનગર અમદાવાદ

(3)અજીત ઉર્ફે અર્જુન રાજેશસીંગ ભરતસીંગ કુશવાહ ઉવ.૨૦ રહે.એ/૨૪/૨૧ ગોકુલ ગેલેક્ષી કઠવાડા ગામ રોડ તથા

(૪) રણજીતસીંગ મોહનસીંગ પરીહાર ઉવ.૨૦ રહે.એ/૬/૨૧ ગોકુલ ગેલેક્ષી કઠવાડા રોડ

(૫) શીવાસીંગ ઉર્ફે બહુવા રામુસીંગ ગૌતમ ઉવ.૨૦ રહે.બી/૧/૨૧ ગોકુલ ગેલેક્ષી

એક ખુનનો ગુનો તથા એક લુટનો ગુનો શોધાયેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**માસ્ટર ચાવીથી સગીર ભત્રીજાને સાથે રાખી N.C.R કંપનીના એ.ટી.એમ.ના લોક ખોલી તેમાંથી પૈસા ઉપાડી લેતા ઇસમને રોકડ નાણાં તથા અલગ અલગ બેંકોના એ.ટી.એમ કાર્ડ તથા માસ્ટર કી સાથે ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચનાથી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ.શ્રી એમ.કે.ઝાલા નાઓ સ્ટાફના માણસો સાથે એસઓજી ક્રાઇમ ને લગતા હેડની કામગીરી કરવા તથા બનેલ ગુના શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સારૂં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ઓઢવ સિંગરવા ત્રણ રસ્તા પાસે આવતા પો.કોન્સ. વિજેન્દ્ર ભવરલાલ તથા પો.કોન્સ. વિક્રમસિંહ જીલુભા નાઓએ સંયુક્ત બાતમી હકીક્ત આપેલ કે, "એક ઇસમ કે જેણે શરીરે વાદ્ળી કાળા સફેદ ચોકડી વાળુ સ્વેટર તથા વાદળી કલરનુ જીન્સ પહેરેલ છે. જે ઇસમે કેટલાક એ.ટી.એમ. મશીનો માંથી ડુપ્લીકેટ ચાવી થી મશીનો ખોલી છળકપટથી પૈસા ઉપાડેલ છે અને આજરોજ કઠવાડા ગામ તરફથી આવી અત્રે થઇ ખરીદી કરવા સારૂ અમદાવાદ શહેર વિસ્તારમાં જનાર છે." વિગેરે મતલબની બાતમી હક્કિત આધારે વોચમાં રહી સદરહું ઇસમ મળી આવતા તેની પુછપરછ કરતા તેણે પોતાનુ નામ બીજેન્દ્રસિંગ રજ્જનસિંગ ઠાકુર ઉ.વ. ૩૩ ધંધો ડ્રાઇવીંગ રહે, ગામ: કરોલી પોસ્ટ: પીપરગાવ થાના: બીધનુ જી: કાનપુરનગર ઉત્તરપ્રદેશ અને હાલ રહે, મનં.૧૧ શ્યામવીલા સોસાયટી કઠવાડા રોડ ત્રીભોવન એસ્ટેટની બાજુમાં ઓઢવ અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવેલ જેની પાસેથી રૂ.૨૦૦૦/- તથા રૂ.૫૦૦/- ના દરની ચલણી નોટો કુલ્લે રૂપીયા ૫,૧૭,૦૦૦/- તથા અલગ અલગ બેંકોના એ.ટી.એમ. કાર્ડ નંગ-૧૨ તથા એક માસ્ટર ચાવી મળી આવતા તે બાબતે પુછપરછ કરતા સંતોષકારક જવાબ નહિ આપતા તેણે આ મુદ્દામાલ ચોરી અથવા છળકપટથી મેળવેલાનુ જણાતા તપાસ અર્થે કબ્જે લઇ સદરીને આજરોજ તા.૩૦.૧.૨૦૧૭ ના કલાક ૧૪/૦૦ વાગે પકડી સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરવામાં આવેલ છે.

સદરહું આરોપીની સઘન પુછપરછ કરતા જણાવે છે કે તેણે આ માસ્ટર ચાવી કાનપુરનગર યુ.પી ખાતેના તેમજ હાલમાં દિલ્હી ખાતે રહેતા અમીતસીંગ ચૌહાણ નામના માણસ પાસે મેળવેલાનુ જણાવેલ અને કબ્જે કરેલ નાણાં ઓઢવ,નરોડા,નિકોલ તેમજ બીજા અલગ અલગ વિસ્તારોના N.C.R કંપનીના એ.ટી.એમ. સેન્ટરો માંથી એ.ટી.એમ.નુ શર્ટર ખોલી એ.ટી.એમ. મશીનમાં એ.ટી.એમ.કાર્ડ નાખી પીન નંબર નાખી પૈસા ઉપાડવાનો અવાજ આવતા સદરી આરોપી એ.ટી.એમ.ના ખોલેલ શર્ટરમાં હાથ નાખી પાવર સ્વીચ બંધ કરી તે વખતે પૈસા આવી જતા પૈસા લઇ અને તુરત એ.ટી.એમ. ની સ્વીચ ચાલુ કરી દેતો હતો અને પૈસા ઉપાડેલ તે બાબતે બેંકમાં કોઇ એન્ટ્રી થતી નહિ તેમજ આ માસ્ટર કી નો ઉપયોગ ફકત N.C.R કંપનીના એ.ટી.એમ. સેન્ટર ઉપર થાય છે તેમજ મેં સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, બેંક ઓફ બરોડા, આઇ.સી.આઇ.સી.આઇ બેંકોના એ.ટી.એમ. કાર્ડનો ઉપયોગ કરેલ છે. વિગેરે મતલબે જણાવેલ તેમજ સદરી આરોપીએ આજ એમ.ઓ. થી કાનપુરનગર વિસ્તારમાં અલગ અલગ એ.ટી.એમ. સેન્ટરો માંથી આશરે પંદરેક(૧૫) વખત ત્રીસેક હજાર રૂપીયા તેમજ અમદાવાદ શહેરના અલગ અલગ એ.ટી.એમ. સેન્ટરો માંથી આશરે ૭૦ થી ૮૦ વાર આ આરોપીએ આશરે આઠ લાખ વીસ હજાર રૂપીયા ઉપાડેલાની કબુલાત કરેલ જેમાથી એક લાખ રુપીયા પોતાના એસબીઆઈ બેક ના ખાતામા જમા કરાવેલ તેમજ પોતાની પાસે મળી આવેલ અલગ અલગ એ.ટી.એમ. કાર્ડમાંના દરેક કાર્ડમાં ૧૦ હજાર લેખે રૂ.૧,૨૦,૦૦૦/- જમા કરાવેલ છે આ સંબંધે ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુરન:- ૩૫/૨૦૧૭ ઇપીકો કલમ ૩૮૦,૪૬૧ મુજબનો ગુનો દાખલ થયેલ છે તેમજ નરોડા,નિકોલ,રામોલ, પોલીસ સ્ટેશન ખાતે બેંકો તરફથી ગુના દાખલ કરાવવાની તજવીજ ચાલુ છે.

- આરોપીનો પુર્વ ઇતિહાસ કાનપુરનગર બીધનુ પોલીસ સ્ટેશનમાં મારામારીના ગુનામાં પકડાયેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)